EDII

Divya Bhaskar

December 4, 2017
Page No.4
of Business Bhaskar

## જરૂરિયાતમંદ મહિલાઓ માટે તાલીમ-કમ-આવક પેદા કરતી પ્રવૃત્તિઓ સ્થાપિત કરવા

# મહિલા સ્ટાર્ટ-અપ પ્રોજેક્ટ માટે 30-80% સુધી સરકારી યોગદાન

**સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગ સાહસો માટે ક્રેડિટ ગેરન્ટી ફંડ સ્કીમ હેઠળ ગેરન્ટી કવર લોનના 75 ટકા સુધી ઉપલબ્ધ**

**સ્ટાર્ટઅપ ટોક**

- નિરાલી પંડિત

કેન્દ્ર અને રાજ્ય સ્તરે અન્ય કેટલીક યોજનાઓ પણ કાર્યરત છે, જે જરૂરિયાતમંદ મહિલાઓ માટે તાલીમ-કમ-આવક પેદા કરતી પ્રવૃત્તિઓ સ્થાપિત કરવા સહાય પ્રદાન કરે છે તેમજ ઉદ્યોગસાહસિક અને આર્થિક રીતે પગભર બનવામાં મદદ કરે છે. ભારતીય લઘુ ઉદ્યોગ વિકાસ બેંક (સિડબી) પણ મહિલા ઉદ્યોગસાહસિકો માટે વિશેષ યોજનાઓનો અમલ કરે છે. ઉદાહરણ તરીકે, પ્રધાનમંત્રીની રોજગાર યોજના (પીએમઆરવાય) હેઠળ મહિલા લાભાર્થીઓને પ્રાધાન્ય આપવામાં આવે છે. સરકારે પણ આ યોજનાઓમાં મહિલા લાભાર્થીઓની ભાગીદારીને સરળ બનાવવા મહિલાઓ માટે કેટલીક છૂટછાટો આપી છે. તે જ રીતે એમએસએમઈ મંત્રાલય દ્વારા એમએસઈ ક્લસ્ટર ડેવલપમેન્ટ પ્રોગ્રામ ચલાવવામાં આવે છે, જેમાં એમએસએમઈ મંત્રાલય કુલ પ્રોજેક્ટ માટે 30થી 80 ટકા વચ્ચે પ્રદાન આપે છે, પણ મહિલા ઉદ્યોગસાહસિકોની માલિકીનાં અને તેમનાં દ્વારા મેનેજ થતાં ક્લસ્ટર્સનાં કેસમાં એમએસએમઈ મંત્રાલયનું પ્રદાન પ્રોજેક્ટ ખર્ચનાં 90 ટકા હોઈ શકે છે. તે જ રીતે સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગસાહસો માટે ક્રેડિટ ગેરન્ટી ફંડ સ્કીમ હેઠળ સામાન્ય રીતે ગેરન્ટી કવર આપેલી લોનનાં 75 ટકા સુધી ઉપલબ્ધ છે. જોકે એમએસઈ ઓપરેટેડ અને/અથવા મહિલાઓની માલિકીનાં એમએસઈ માટે ગેરેન્ટી કવર 80 ટકા સુધી હોઈ શકે છે. મહિલાઓ માટે ટ્રેડ રિલેટેડ આંત્રપ્રિંન્યોરશિપ આસિસ્ટન્સ એન્ડ ડેવલપમેન્ટ (ટ્રેડ), મહિલા કોઈર યોજના (એમએસએમઈ મંત્રાલયની યોજનાઓ), સપોર્ટ ટૂ ટ્રેનિંગ એન્ડ એમ્પ્લોયમેન્ટ પ્રોગ્રામ ફોર વિમેન (સ્ટેપ), સ્વયંમ સિદ્ધા (મહિલા અને બાળ વિકાસ મંત્રાલયની યોજનાઓ), સેલ્ફ એમ્પ્લોયમેન્ટ લોન પ્રોગ્રામ્સ, એજ્યુકેશનલ લોન યોજનાઓ, સિંગલ વિમેન બેનિફિટ યોજનાઓ, રોજગારલક્ષી તાલીમ કાર્યક્રમો, મહિલા ઉદ્યોગસાહસિકો માટે માર્કેટિંગ સપોર્ટ, ઓટોરિક્ષા/સ્કૂલ વાન્સ ડ્રાઈવર સ્કીમ (કેરળ સ્ટેટ વિમેન્સ ડેવલપમેન્ટ કોર્પોરેશનની યોજનાઓ), કેરળ સરકારનો મહિલા ઉદ્યોગ કાર્યકમ, દિલ્હી સરકારનો સ્ત્રી શક્તિ પ્રોજેક્ટ, સ્કીમ્સ ઓફ દિલ્હી કમિશન ફોર વિમેન, નવીનતા અને સ્ટાર્ટ-અપ કલ્ચરને પ્રોત્સાહન અને સપોર્ટ આપવા ગુજરાત સરકાર પણ મહિલાઓને સ્ટેમ્પ ડ્યુટી અને રજિસ્ટ્રેશન ફી રિઈમ્બર્સમેન્ટ, લીઝ રેન્ટલ સબસિડી, બેન્ટવિડ્થ સબસિડી, પેટન્ટ સહાય, સ્કિલ સર્ટિફિકેશન ગ્રાન્ટ અને ગુજરાતમાં ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી/આઈટીઈએસને ઈક્વિટી મૂડી સ્વરૂપે નાણાકીય સહાય પ્રદાન કરે છે.

(લેખક: એસોસિએટ ફેકલ્ટી, ઈડીઆઈઆઈ છે)




## સરકાર પાસેથી પ્રાપ્ત સહાય ઉપરાંત મહિલા ઉદ્યોગ સાહિસક સંગઠનો

1 કન્સોર્ટિયમ ઓફ વિમેન આંત્રપ્રિન્યોર્સ ઓફ ઈન્ડિયા (સીડબલ્યુઈઆઈ)

2 એસોસિએશન ઓફ લેડી આંત્રપ્રિન્યોર્સ ઓફ આંધ્રપ્રદેશ

3 એસોસિએશન ઓફ વિમેન આંત્રપ્રિન્યોર્સ ઓફ કર્ણાટક (અવેક)

4 સેલ્ફ-એમ્પ્લોય્ડ વિમેન્સ એસો. (સેવા)

5 વિમેન આંત્રપ્રિન્યોર્સ પ્રમોશન એસોસિએશન (ડબલ્યુઈપીએ)

6 ધ માર્કેટિંગ ઓર્ગેનાઈઝેશન ઓફ વિમેન એન્ટરપ્રાઈઝ (એમઓઓડબલ્યુઈએસ)

### બિહાર મહિલા ઉદ્યોગ સંઘ

- મહાકૌશલ એસોસિએશન ઓફ વુમન આંત્રપ્રિન્યોર્સ (એમએડબલ્યુઈ)
- સાર્ક ચેમ્બર વિમેન આંત્રપ્રિન્યોરશિપ કાઉન્સિલ
- વિમેન આંત્રપ્રિન્યોર્સ એસોસિએશન ઓફ તમિલનાડુ (ડબલ્યુઈએટી)
- ટાઈ સ્ત્રી શક્તિ (ટીએસએસ) અને વિમેન એમ્પાવરમેન્ટ કોર્પોરેશન